આપણું પોતાનું અખબાર

જે મનને બહેકાવે તે જ્ઞાન નથી, જે મન ને શાંતિ અને સ્થિરતા આપે તે જ જ્ઞાન
- જ્યોર્જ બર્નાડ શો

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૦૭ | ૨૭ જૂન, ૨૦૧૩, ગુરૂવાર; જયેષ્ઠ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મનપાને વધુ ૧૪ કરોડની ફાળવણી

## ગાંધીનગરમાં માળખાકીય સુવિધાઓ માટે રૂ. ૧૪ કરોડ ફાળવતી સરકાર

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી સ્વર્ણીમ જયંતિ શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને આજે રૂ. ૧૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે. મુખ્યમંત્રી સ્વર્ણીમ જયંતિ યોજના અંતર્ગત ગાંધીનગર મનપાને આ અગાઉ રૂ. ૮ કરોડની પણ ફાળવણી કરવામાં આવી હતી.

આજે રાજ્યના શહેરી વિકાસ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આ ગ્રાન્ટ મંજૂર કરી દેતાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવે અને ડે. મેયર શ્રી સુભાષ પાંડવે તેમનો વિશેષ આભાર માની અને વિકાસને નવો વેગ આપવામાં આવશે તેની ખાત્રી આપી હતી.

કોર્પોરેશને નવા સેક્ટરોમાં એક કોમ્યુનીટી હોલ તેમજ સ્પોર્ટસ સંકુલ બનાવવા માટે બે અલગ અલગ દરખાસ્તો કરી હતી જેને આ યોજના અંતર્ગત બહાલી આપવામાં આવી છે અને આ કામો ઝડપથી શરૂ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે નવા સેક્ટરોમાં સ્પોર્ટસ સંકુલ બનાવવા અંગેની દરખાસ્ત કરવામાં આવી હતી. હવે આ અંગેની કાર્યવાહી ઝડપથી હાથ ધરવામાં આવશે.

આજે આ રકમની ફાળવણી થઈ આવ્યા બાદ મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને ચેરમેન શ્રી આશીષ દવેએ જણાવ્યું હતું કે વિકાસ સર્વસમાવેશક થાય તે અમારી અગ્રતા રહેશે અને વિકાસમાં વિવાદ નહિ અમે સૌને સાથે રાખી શહેરનો સર્વગ્રાહી વિકાસ થાય તેને અગ્રતા આપીશુ.

આ બન્ને પદાધિકારીઓએ જણાવ્યું હતું કે નવા સેક્ટરોમાં સ્પોર્ટસ સંકુલની આવશ્યકતાને અમે અગ્રતા આપીશુ. આ ઉપરાંત બે હજારની ક્ષમતા ધરાવતો એક કોમ્યુનીટી હોલ બનાવવાનું પણ આયોજન છે. આ માટે સે. ૩-એ-ન્યુની પસંદગી કરાઈ છે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરના વિકાસ માટે ફાળવવામાં આવેલી આ ગ્રાન્ટમાંથી સર્વસમાવેશક વિકાસના કામો હાથ ધરવામાં આવશે. આંતર માળખાકીય સુવિધાઓ માટે જ આ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. અને તેમાં લોકોની સુવિધાઓને જ અગ્રતા અપાશે.



વરસાદનો વિરહ : રોજ સવાર પડે અને સૌને નજર આકાશ તરફ મંડાય છે. ધરતીને આકાશનો વિરહ છે. આઠ-આઠ માસ તપીને, ધખીને વરસાદ સ્વરૂપે આકાશના મિલન માટે રાહ જોવે છે. પૃથ્વી પરનો જીવ માત્ર, તત્ત્વ માત્ર ધરતી અને આકાશના મિલનની ઘડીને આવકારવા તત્પર હોય છે. વાદળો બંધાય, વાદળોની આવન-જાવન થાય એટલે હૈયુ હરખાય કે આજે તો વરસાદ ચોક્કસ આવશે. પરંતુ સવારની આશા સાંજે નિરાશામાં પરિણમે છે અને ત્યારે મનોમન પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ કે હે મેઘરાજા હવે વરસો. મન મુકીને વરસો. **(તસવીર : દિપક જાની)**

# આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨૬

આજે મળનારી ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા તોફાની બને તેવા રાજકીય સંકેતો મળી રહ્યા છે. જો કે આ બેઠકમાં સરકાર કિન્નાખોરી રાખી અને વિકાસના કામો ખોરંભે પાડવા માટે આયોજન મંડળમાં સૂચવેલા કામો નામંજૂર કરાયા છે તેમાં પુનઃ વિચારણા કરવામાં આવે તેવો પ્રસ્તાવ પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તેવી સંભાવના છે.

કાર્યકારી પ્રમુખ શ્રીમતિ ભીખીબેન ઠાકોરના અધ્યક્ષ સ્થાને બપોરે બે વાગે મળનારી આ બેઠકમાં કાર્યપાલક ઈજનેરને વિભાગમાં પરત મોકલવા અંગેના પસાર થયેલા પ્રસ્તાવને વિકાસ કમિશનર દ્વારા પ્રતિરોધ કરતાં પુનઃ આ ઠરાવ કરવા અંગે પણ કોંગ્રેસ દ્વારા વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ વિપક્ષ ભાજપ સત્તાધારી પક્ષને ભીંસમાં લેવા માટે પણ આક્રમક વ્યુહરચના તૈયાર કરી રહ્યાનું જાણવા મળેલ છે. બન્ને પક્ષના સભ્યોની બેઠકો આજે સવારે પક્ષના કાર્યાલયો ખાતે મળનાર છે.

જો કે પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બેઠકમાં કોઈ ખાસ મુદ્દાઓ નથી પરંતુ રાજકીય ઉત્તેજનાઓ જરૂર છે એટલે આક્ષેપો અને પ્રતિ આક્ષેપોવાળી આ બેઠક બનશે. પંચાયતના વર્તુળો આ બેઠકને રૂટીન બેઠક તરીકે લેખાવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આ પ્રથમ બેઠક કાર્યકારી પ્રમુખના અધ્યક્ષસ્થાને મળી રહી છે. બેઠકમાં સમિતિઓની મળેલી બેઠકોની કાર્યનોંધોને બહાલી આપવા ઉપરાંત એક-બે અન્ય કામો હાથ ધરવામાં આવનાર છે.

## આજથી સેક્ટર-૩૦માં બે દિવસનું સફાઈ અભિયાન હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-૨ના સફાઈ અભિયાન બાદ આજથી બે દિવસ માટે સેક્ટર-૩૦માં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. મહાનગરપાલિકાએ ચાર જુદા જુદા વિસ્તારોમાં પ્રાયોગિક ધોરણે સફાઈ અભિયાન હાથ ધરવાની ઘોષણા કરી હતી. સેક્ટર-૨માં આ અભિયાન દરમિયાન ૨૦૦ ટન જેટલો ઘનકચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

સેક્ટર-૩૦માં હાથ ધરાનાર સફાઈ અભિયાન અંગે આજે કોર્પોરેશન દ્વારા તેનું આયોજન આખરી કરી દેવામાં આવ્યું છે અને ૪૦થી પણ વધુ કર્મચારીઓને આ અભિયાનમાં જોડી સંપૂર્ણ સફાઈ કરવામાં આવશે.

આજે બપોરે ૧ વાગે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, મ્યુનિ. કમિશનર શ્રી પાડલિયાની ઉપસ્થિતિમાં આ અભિયાનનો વિધિવત આરંભ કરવામાં આવશે. બે દિવસ સુધી ચાલનારા આ અભિયાનમાં સંપૂર્ણ સ્વચ્છતાની સાથે સાથે સેક્ટરમાં લોક - જાગૃત્તિનું પણ અભિયાન વાહક - જન્ય અને પાણીજન્ય રોગચાળા સામે સાવચેતી લેવાના પગલાંનું યોજવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

## ડે.ડી.ડી.ઓ. પટેલ બદલાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી શામળભાઈ બી. પટેલની બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

પંચાયત વિભાગ દ્વારા કરાયેલ બદલીના હુકમમાં શ્રી શામળભાઈ પટેલને મદદનીશ ગ્રામ વિકાસ કમિશનર તરીકે નિમણુંક આપવામાં આવી છે. જ્યારે તેમના સ્થાને અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવતા શ્રી આર.એસ. દેસાઈને મુકવામાં આવ્યા છે. શ્રી દેસાઈને બઢતી આપી ગાંધીનગર મુકવામાં આવ્યા છે.

# હર્ષિલમાં અટવાયેલા ગાંધીનગરના યાત્રિકો હરદ્વાર હેમખેમ પહોંચ્યા

## આજે હરદ્વારથી સેક્ટર-૩ અને ૫ના ૧૧ યાત્રાળુઓ ગાંધીનગર આવવા રવાના થશે

ગાંધીનગર, તા. ૨૬

ઉત્તરાખંડમાં આવેલ વિનાશક પૂરમાં હર્ષીલમાં અટવાયેલા ગાંધીનગરના ૧૧ યાત્રિકો સહિત આ ગૃપમાં ગયેલા ૩૭ મુસાફરો સહિસલામત રીતે હરદ્વાર પહોંચી ગયા છે અને આજે વહેલી સવારે ગાંધીનગર પરત ફરવા ત્યાંથી રવાના થશે.

હરદ્વારથી મળતા અહેવાલો પ્રમાણે રાયસણની ભવાની ટ્રાવેલ્સના ૩૭ મુસાફરો સહિસલામત છે. ટ્રાવેલ્સના શ્રી યોગેશભાઈ પટેલે જણાવ્યું હતું કે અમે બધા જ સલામત છીએ અને ગુરૂવારે સવારે ગાંધીનગર પરત આવવા નીકળીશુ.

તેમણે જણાવ્યું હતું કે અમે ૧૫મીએ રાત્રિના સમયે સુખી ટોચ પર પહોંચ્યા હતા અને ૧૬મીએ સવારે કેદારનાથનાદર્શને જવાના હતા. પરંતુ વરસાદમાં અમે ફરજીયાત સુખી ટોચ પર જ રોકાઈ ગયા હતા. શ્રી પટેલે જણાવ્યું હતું કે અમે ૨૩મીએ સુખી ટોચ પર નીકળી હર્ષિલ પહોંચ્યા હતા અને હર્ષિલથી આજે અમે હેલિકોપ્ટર દ્વારા હરદ્વાર પહોંચ્યા છીએ.

તેમણે જણાવ્યું હતું કે અમારી સાથે યાત્રિક દિલીપભાઈ પટેલ અને નવ સાથીઓ હર્ષિલથી ચાલતા નીકળ્યા હતા. ત્યાંથી મનોર પહોંચી તેઓ હેલિકોપ્ટરની મદદથી હરદ્વારા આવી ગયા છે.

૩૭ જણાના તેમના ગૃપમાં ગાંધીનગર, વાવોલ, મુબારકપુરના ૧૧ થી પણ વધુ પ્રવાસી હતા. આ ઉપરાંત અમદાવાદ જિલ્લા અને શહેરના બીજા પ્રવાસીઓ હતા. બધા જ પ્રવાસીઓ સહિસલામત છે.

તેમણે કહ્યું કે અમે હરદ્વારથી નીકળી યમનોત્રી, જમનોત્રી ફરી ઉત્તરકાશી ગયા હતા અને સાંજે સુખી ટોચ પહોંચી સવારે કેદારનાથ જવાના હતા. તેમણે કહ્યું હતું કે તમામ પ્રવાસીઓની તબિયત સારી છે.

### ગુજરાતના ૧૧૯ યાત્રીકોનો હજુ સંપર્ક થઈ શક્યો નથી

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાએ ગયેલા યાત્રીઓ પૈકીના ૧૧૯ જેટલા યાત્રીકોનો હજુ સુધી સંપર્ક સાધી શકાયો નહી હોવાનું આજે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું.

આજે અત્રે પત્રકારોને આ અંગેની વિગતો આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે ઉત્તરાખંડમાં તાજેતરમાં આવેલા વિનાસક પુરને કારણે ગુજરાતના અંદાજે પાંચ હજાર જેટલા ગુજરાતી પ્રવાસીઓ ફસાઈ જવા પામ્યા હતા.

આ યાત્રીકોનો સંપર્ક સાધીને તેમને ગુજરાત પરત લાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં અંદાજે ત્રણ હજાર જેટલા યાત્રીકો પરત આવ્યા હોવાનું જણાવીને તેમણે જણાવ્યું હતું કે હજુ પણ ગંગોત્રી ક્ષેત્રમાં ૭૬ યાત્રીકો ગુજરાતના સલામત સ્થળે છે. જ્યારે બદ્રીનાથમાં ૨૦૦ લોકો અને ધારચુલામાં ૪૫ લોકો છે. જેમને પાછા લાવવા માટેના પ્રયાસ ચાલી રહ્યા છે.














